# રોયલ માધ્યમિક & ગર્લ્સ સ્કૂલ ધોરાજી

Date : 02-01-2025
Marks : 80
Std :- 10 Round 01 Sub. : Gujarati Time : 3:00 Hour

## Section - A (20)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** (04)

| અ | બ |
|---|---|
| (1) હિમાલયમાં એક સાહસ | (અ) નવલકથા |
| (2) ભૂખથીય ભૂંડી ભીખ | (બ) લોકકથા |
| (3) જન્મોત્સવ | (ક) હાસ્યનિબંધ |
| (4) ઘોડીની સ્વામીભકિત | (ડ) નવલિકા |
| | (ઈ) પ્રવાસનિબંધ |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (04)

(5) ઝોજીલા ઘાટની તરફ ખડક ........... દેખાતો હતો. (ભયંકર, બિહામણો, વેરાન)

(6) ઉપરવાસમાં ............... નદીમાં ઘોડાપુર આવ્યાં હતાં. (તાપી, શેત્રુંજી, ભાદર)

(7) શ્રીમદ્ રાજચંદ્રએ લખેલો તત્વજ્ઞાનથી ભરપૂર ચિંતનગ્રંથ ........... છે. (પુષ્પમાળા, મોક્ષમાળા, ભાવમાળા)

(8) કૃષ્ણજન્મનું ............ નિકટ ને નિકટ આવતું ગયું. (મુહૂર્ત, સંકટ, પર્વ)

**(ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** (02)

(9) ડુંગરે પોતાની નજર કયાં સ્થિર કરી ?

(10) પહાડોનાં શિખરો ઉપર શું ચળકી રહયું હતું ?

**(ડ) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** (04)

(11) પૂરમાં ડૂબતા આંબા પટેલને કેવી રીતે જીવનદાન મળ્યું ?

(12) 'બાવાના બેય બગડયાં' એમ કાળુ શા માટે કહે છે ?

(13) ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે ?

**(ઈ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો (ગમે તે બે)** (06)

(14) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

(15) 'ભૂખથીય ભૂંડી ભીખ' વાર્તાને આધારે દુકાળની ભયાનકતા તમારા શબ્દોમાં લખો.

(16) 'હિમાલયમાં એક સાહસ' પાઠને આધારે હિમાલયની સાહસ યાત્રાનું વર્ણન કરો.

## Section - B (20)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** (04)

| કૃતિ | કર્તા |
|---|---|
| (17) વતનથી વિદાય થતાં | (અ) રાવજી પટેલ |
| (18) એક બપોરે | (બ) રાજેન્દ્ર શાહ |
| (19) બોલી ના કાંઈ | (ક) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ |
| (20) મુકતક | (ડ) જયંત પાઠક |
| | (ઈ) રઈશ મણિયાર |

**(બ) નીચે આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (04)

(21) કવિ .......... ની છાંયડી તળે બેઠા છે. (બોરડી, મહુડી, વડ)

(22) 'ચાંદલિયો' કાવ્યમાં ............ ઋતુની વાત કરવામાં આવી છે. (શરદ, વસંત, હેમંત)

(23) વહેણના પાણીને ........... ઝીલે છે. (ધોધ, નદી, સાગર)

(24) ............ બનવું દુર્લભ છે. (કુલદીપક, દેશદીપક, જગદીપક)

**(ક)** **નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **(02)**

(25) કવિની દષ્ટિ એ ભારવાળો મુગટ એટલે શું ?

(26) ગરીબ સ્ત્રીની ચૂંદડી કયાં સુધી સાથે રહે છે ?

**(ડ)** **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ–ચાર વાકયોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **(04)**

(27) કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે ?

(28) કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે ?

(29) કવિ કયાં સુધી મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે ?

**(ઈ)** **નીચે આપેલા પ્રશ્નોમાં દસ–બાર વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો (ગમે તે બે)** **(06)**

(30) 'ચાંદલિયો' લોકગીતમાં આલેખાયેલું કુટુંબ જીવનનાં સંબંધોનું મધુર ચિત્ર આલેખો.

(31) પ્રથમ મુકતકમાં કવિ કઈ વાતની ચેતવણી આપે છે તે વિસ્તારથી સમજાવો.

(32) સારસીના ઊડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.

## Section - C (20)

■ **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

❍ **આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

**(33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો.** **(01)**

(1) જીજ્ઞાસા (જીજ્ઞાષા, જીજ્ઞાશા, જિજ્ઞાસા)

(2) સ્ફુર્તિ (સ્ફૂર્તિ, સ્ફૂર્તી, સ્ફુર્તિ)

**(34) 'પો + અન' શબ્દની સાચી સંધિ જોડો.** **(01)**

(પાવન, પવન, પાવક)

**(35) 'શશીવદની' શબ્દનો સમાસ ઓળખાવો.** **(01)**

(તત્પુરુષ , બહુવ્રીહિ, ઉપપદ)

**(36) બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ જણાવો.** **(01)**

(1) સચિત – (સાવધાન, સંઘરેલું, સજ્જડ)

(2) સંચિત – (શંકાશીલ, સંઘરેલું, સાવધાન)

**(37) હલકા તો પારેવાની પાંખથી મહાદેવથીય મોટાજી – અલંકારનો પ્રકાર જણાવો.** **(01)**

(સજીવારોપણ, રૂપક, વ્યતિરેક)

**(38) 'પાલનહાર' – શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે.** **(01)**

(પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એક પણ નહી)

**(39) નીચેનાં શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો.** **(01)**

(1) ફડક – (ચિત, ચિત્તા, ચિંતા)

(2) ગિરા – (પાણી, વાણી, પ્રકૃતિ)

**(40) 'ચિત્કાર' – સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો.** **(01)**

(વ્યકિતવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા)

❍ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.**

**(41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો.** **(01)**

મનમાં મેલા હોવું

**(42) નીચે આપેલ કહેવતનો અર્થ જણાવો.** **(01)**

પાણી પહેલા પાળ બાંધવી

**(43) 'અપંગ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.** **(01)**

**(44) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** **(01)**

ઘોડેસવાર જેમાં પગ રાખે છે તે કડું

**(45) નીચેના વાક્યને કર્તરિ વાક્યમાં ફેરવો.** **(01)**
જીવલો ફસલ લઈને આવ્યો હતો.

**(46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો.** **(01)**
વાવડ

**(47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધીને તેનો પ્રકાર લખો.** **(01)**
ઘર સુધી દોડી જતી એ સર્પિલ ભૂખરી કેડીઓ

**(48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર લખો.** **(01)**
એકાએક ફગફગિયો દીવો બુઝાઈ ગયો.

**(49) 'ભ્રમણા' શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર અને વ્યંજન) છૂટા પાડી લખો.** **(01)**

**(50) નીચેના વાક્યનું ભાવેવાક્યમાં રૂપાંતર કરો.** **(01)**
દેવશંકર માસ્તર થંભી ગયા

**(51) નીચની પંક્તિમાં રહેલો છંદ ઓળખાવો.** **(01)**
દરિયાથી ડુંગર પર જાય, કેડી ત્યાં નાનકડી થાય,
તરુવરો ત્યાં ઢોળે છાંય, ને ઠંડો વાયુ લહેરાય.

**(52) 'જસજસયલગા' – કયા છંદનું બંધારણ છે.** **(01)**

## Section - D (20)

**(53) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો.** **(04)**
મનવા પર ઘર પહોંચીને, દુઃખ ન કહીએ રોઈ ;
માન ગુમાવીએ આપણું , વહેંચી ન લેતું કોઈ.

**અથવા**

સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

**(54) ૫ મી જૂન પર્યાવરણ દિવસ અંતર્ગત તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ અંગેનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.** **(04)**

**(55) નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **(04)**

આપણી ફરિયાદો પાર વિનાની છે. સરકાર સામે, કુટુંબજીવન સામે, ફરિયાદોની મોટી વણઝાર આપણી પાસે હોય છે. પરંતુ એક વાત આપણે સમજી લેવી જોઈએ કે સારો સમાજ, સારું કુટુંબજીવન, સારું લગ્નજીવન એ કોઈ બજારમાં વેચાતી રેડીમેઈડ ચીજોનથી.સારા મકાનની જેમ એનું પણ આપણે ચણતર કરવું પડે છે.એટલું જ નહીં એ ચણતર લગભગ દરરોજ જીવનની પ્રત્યેક ક્ષણે કરવું પડે છે. સારો બગીચો બનાવવા માટે ઘાસ અને જાળાં ઝાંખરા આપણે દૂર કરીએ છીએ. જીવનનો બગીચો ખીલવવા માટે પણ બીજાના એવા ગુણોને બાજુ પર રાખી દઈને એમના ગુણોને પ્રશંસાના જળનો થોડો છંટકાવ કરી લેવો જોઈએ. '' – મોહમ્મદ માંકડ

■ **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિંબધ લખો.** **(08)**

(56) **<u>આધુનિક યુગનું મહાદુષણ : પ્રદૂષણ</u>**
**મુદ્દા :**–પ્રસ્તાવના – પ્રદુષણ એટલે શું ? – વિવિધ પ્રકારના પ્રદુષણ – પ્રદૂષણથી માનવજીવન પર અસર – પ્રકૃતિ પર અસર – ઉપસંહાર

**<u>અથવા</u>**

(56) **<u>મારો યાદગાર પ્રવાસઃ–</u>**
**મુદ્દા :–** પ્રસ્તાવના – પ્રવાસના વિવિધ ફાયદા – પ્રત્યક્ષ જ્ઞાન – સૌંદર્યદષ્ટિનો વિકાસ – સામુહિક જીવનનો અનુભવ – સાંસ્કૃતિક વૃત્તિનો વિકાસ – ઉપસંહાર

**<u>અથવા</u>**

(56) **<u>હું માનવી માનવ થાઉં તો ઘણું</u>**
**મુદ્દા :–** પ્રસ્તાવના – વિશ્વની આજની સ્થિતિ – માનવી 'ઈચ્છાઓનું પોટલું' – વિશ્વમાનવીની સ્થિતિ –વિશ્વમાનવીનો વ્યવહાર – ઉપસંહાર